સુવિચાર : વિચારો જીવનના પ્રવાહમાં ક્ષુલ્લક બની જાય તે પહેલાં યોગ્ય સન્માન આપી દો - એસ. ભટ્ટાચાર્ય

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૬ ટકા

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૧૧ | ૧૧ ઓક્ટોબર, ૨૦૧૫, રવિવાર ; ભાદરવા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- તુર્કીમાં ટ્વીન બ્લાસ્ટ : ૩૦થી વધુના મોત : સેંકડો ઘાયલ
- બિહાર : પ્રથમ ચરણના મતદાન માટે પ્રચારનો આખરે અંત થયો
- બિહારમાં એનડીએને બહુમતિ મળી શકે છે : ઓપિનીયન પોલ
- મોદી સરકાર હજુ બે વર્ષ સુધારા પર ધ્યાન આપશે
- ભારત-આફ્રિકા વચ્ચે આજે કાનપુરમાં પ્રથમ વનડે જંગ
- ભાજપ પાસે બિહાર માટે કોઈ નેતા જ નથી : નીતીશના પ્રહાર
- લોન છેતરપિંડી મામલે માલ્યાની કિંગફિશર પર દરોડા પડ્યા
- મૈનપુરીમાં ગૌહત્યાની અફવા બાદ હિંસા : ૨૧ની અટકાયત
- નિષ્ફળતા છુપાવવા લાલૂ બિનજરૂરી મુદ્દા ઉઠાવે છે : રાજનાથસિંહ

# બેંક ઓફ બરોડા શાખા પર દરોડા

### ફોરેક્સ કૌભાંડ પ્રકરણે સીબીઆઈ, ઇડી અને એસએફઆઈઓ દ્વારા વ્યાપક દરોડા
### ૬૧૭૨ કરોડ રૂપિયાની ગેરકાયદે ટ્રાન્સફરના મામલાથી અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા




નવીદિલ્હી,તા. ૧૦

ફોરેક્સ કૌભાંડના ભાગરુપે એક મોટા સંયુક્ત ઓપરેશન હેઠળ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઈ), એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસ (એસએફઆઈઓ)ના અધિકારીઓએ દિલ્હીમાં બેંક ઓફ બરોડાની અશોક વિહાર શાખામાં આજે વ્યાપક દરોડા પાડતા બેંકિંગ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. ૬૧૦૦ કરોડ રૂપિયાના કાળા નાણા સાથેના સંબધમાં બેંક ઓફ બરોડાની શાખાઓમાં તપાસ કરવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. આ રકમ હોંગકોંગમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. બેંકના અધિકારીઓની પણ સંડોવણી હોવાની આશંકા દેખાઈ રહી છે. સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, એકાએક જંગી રકમની લેવડદેવડના સંબંધમાં બેંક શાખાઓની ખાનગી પ્રોપર્ટીમાં ઉંડી તપાસ કરવામાં આવી હતી. સીબીઆઈ સૂત્રોએ કહ્યું છે કે, બેંકના ઓડિટ રિપોર્ટમાં ઘણી બધી અસામાન્ય રકમ નજરે પડી છે. અશોક વિહાર શાખામાં આશરે ૬૦ કંપનીઓના ખાતાઓ ખોલવામાં આવ્યા હતા જે હાલમાં ચકાસણી હેઠળ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ વ્યાપક દરોડાની કાર્યવાહીથી ખળભળાટ મચી ગયો હતો. ૬૧૭૨ કરોડ રૂપિયાની ગેરકાયદે ટ્રાન્સફરના મામલામાં તપાસ હાથ ધરાઈ છે. બેંક અધિકારીઓના સંદર્ભમાં પણ તપાસ ચાલી રહી છે. તપાસ સંસ્થાઓ દિલ્હી અને આસપાસના શહેરોમાં ડઝન જેટલા વ્યક્તિગતો અંગે પણ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અહીં ગેરરીતિઓ નોંધાયેલી છે. રેવન્યુ ઈન્ટેલીજન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. બેંક ઓફ બરોડાના ઈન્ટરનલ ઓડિટ રિપોર્ટ બાદ સમગ્ર તપાસ શરૂ થઈ છે. બેંકમાં અસામાન્ય બિઝનેસની નોંધ લેવાયા બાદ આ તપાસ કામગીરી શરૂ થઈ હતી. બેંકના અશોક વિહાર શાખામાં હાલમાં જ ખોલવામાં આવેલા ખાતાઓ મારફતે આશરે ૫૯

● અનુસંધાન પાન-૭ પર

# બિહારમાં કશ્મેકશ જંગ : આવતીકાલે મતદાન

### સોમવારના દિવસે ૧૦ જિલ્લાની ૪૯ બેઠકો ઉપર મતદાન : ૫૪ મહિલા સહિત ૫૮૩ ઉમેદવારો ભાગ્ય અજમાવશે : ઘણા મોટા માથાઓ પણ મેદાનમાં



પટણા,તા. ૧૦

બિહારમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કાના મતદાન માટે હાઈવોલ્ટેજ ચૂંટણી પ્રચારનો આજે અંત આવી ગયો હતો. હવે પ્રથમ તબક્કામાં સોમવારના દિવસે ૪૯ બેઠકો ઉપર મતદાન થશે. આની તમામ તૈયારીઓ ચૂંટણી પંચ અને સંબંધિતો દ્વારા કરી લેવામાં આવી છે. પ્રથમ તબક્કામાં ૫૪ મહિલા ઉમેદવાર સહિત ૫૮૩ ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો થનાર છે. જે જિલ્લામાં પ્રથમ તબક્કામાં મતદાન યોજાનાર છે તેમાં સમસ્તીપુર, બેગુસરાય, ખાગરિયા, ભાગલપુર, બાંકા, મુંગેર, લખીસરાય, શૈખપુરા, નવાડા અને જમુઈનો સમાવેશ થાય છે. બિહારમાં પાંચ તબક્કામાં ચૂંટણી યોજાનાર છે. ૧૦ જિલ્લાને આવરી લઈને પ્રથમ તબક્કામાં મતદાન યોજાશે. મતગણતરીની પ્રક્રિયા ૮મી નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે.

રાજ્યના ચૂંટણી પંચના જણાવ્યા મુજબ નક્સલવાદી પ્રભાવિત જિલ્લાઓમાં મતદાન બપોરે ત્રણ વાગ્યા સુધી ચાલશે જ્યારે કેટાલક ક્ષેત્રોમાં સાંજે ચાર વાગ્યા સુધી અને કેટલાક ક્ષેત્રોમાં પાંચ વાગ્યા સુધી મતદાન ચાલશે. તમામ પાર્ટીઓ અને નેતાઓ કમરકસી ચુક્યા છે. તમામ પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી છે. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પક્ષ પ્રમુખ અમિત શાહ શ્રેણીબદ્ધ રેલીઓ યોજી ચુક્યા છે. એનડીએની તરફેણમાં મતદાન કરવા લોકોને અપીલ કરી ચુક્યા છે. કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી પણ મહાગઠબંધનની તરફેણમાં મતદાન કરવા લોકોને અપીલ કરી ચુક્યા છે. આ તબક્કામાં જે મોટા ઉમેદવારના ભાવિનો ફેંસલો થનાર છે તેમાં હિન્દુસ્તાની અવામી મોરચાના પ્રદેશ અધ્યક્ષ શકુની ચૌધરી, લોકજનશક્તિ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ પશુપતિકુમાર, ભાજપના રેણુ કુશવાહ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા સદાનંદ સિંહ, જેડીયુના વિજય ચૌધરી, સીપીએમના રામદેવ વર્માનો સમાવેશ થાય છે.

# સેક્ટર-૧૩માં પત્નિનું ઢીમ ઢાળી પતિ ફરાર

### ગળે ટુંપો આપીને માથે હથોડો ફટકારી હત્યા કરી હોવાની આશંકા : પાંચેક વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા

ગાંધીનગર, તા. ૧૦

શહેરના સેક્ટર-૧૩ વિસ્તારના છાપરા ખાતે રહેતા ૩૫ વર્ષિય પરિણીતાને ગળે ટુંપો આપી માથે હથોડો ફટકારીને હત્યા કરી પતિ ફરાર થઈ ગયો હોવાની ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે. કોઈ કારણોસર પત્નિનું ઢીમ ઢાળી દઈને પતિ ફરાર થઈ ગયો હોવાની મૃતકની બહેનની ફરીયાદને આધારે સેક્ટર-૭ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેક્ટર-૧૩ના છાપરા વિસ્તારમાં બિજ નિગમના ગોાઉન પાસે રહેતા જાકીરશા કાળુશા ફકીરે પાંચેક વર્ષ પહેલા સવિતાબેન બજાણીયા સાથે

● અનુસંધાન પાન-૭ પર

### એક જ અઠવાડીયામાં ત્રીજી હત્યા..!

ગાંધીનગરમાં હવે હત્યા એક સામાન્ય ગુનો બની ગયો હોય તેવુ ચિત્ર ઉપસી આવે તેવી સ્થિતિ ઉદ્ભવી છે. ગાંધીનગરમાં એક જ અઠવાડિયામાં આજે ત્રીજુ મર્ડર પોલીસ ચોપડે નોંધાયું છે. શાંત અને સંસ્કારી તથા સાંસ્કૃતિક નગરી ગણાતા ગાંધીનગરમાં સે. ૨૩ ખાતે ઘરમાં ઘુસીને એક ૭૨ વર્ષના આચાર્યની કરપીણ હત્યા થઈ..! તેનો હત્યારો હજુ પણ બિન્દાસ્ત ફરે છે. તો બીજી તરફ પેથાપુરમાં નવરાત્રીનો ફાળો ઉઘરાવવા જેવી નજીવી બાબતે યુવાનને માથે લાકડીઓ મારીને તેની હત્યા કરી દેવાઈ હોવાની ફરીયાદ નોંધાવા પામી... ત્યાર બાદ આજે કોઈ કારણોસર પત્નિને બેરહેમીપૂર્વક મારીને હત્યા કરી પતિ ફરાર થઈ ગયો..! એક જ અઠવાડીયામાં આ ત્રીજુ મર્ડર થતાં પાટનગરવાસીઓ ભયની લાગણી અનુભવી રહ્યા છે.



Special Launch Preview

A Project By :
S.R
INFRACON

a complete residence

શિવાલય™
PARISAR
5 Rooms - Kitchen - Dining

@ Kudasan, Gandhinagar

CONTACT:
tps The Property Shop
96242 16888